અપીલ અરજી નં.૪૦૮ તા.૨૪–૨–૧૦

અરજદારઃ– શ્રી સુરેશ જે. ગામીત

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ જે. ગામીતની તા.૧૩–૧–૧૦ ની અરજીથી ટેના. .૧૯ઈ–૦૩–૫૯૦૫–૦–૦૦૧અને ૦૦૨ ની ફીલ્ડ બુકની નકલ તથા એસેસમેન્ટની નકલ ની માહિત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૮/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ જે. ગામીતની તા.૧૩–૧–૧૦ની અરજીથી ટેના. .૧૯ઈ–૦૩–૫૯૦૫–૦–૦૦૧અને –૦૦૨ ની ફીલ્ડ બુકની નકલ તથા એસેસમેન્ટની નકલ ની માહિત આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી/૮૨૪ તા.૨–૨–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૪ તા.૨–૩–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/એઆરડી/૯૨૩ તા.૧૫–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૮૨૪ તા.૨–૨–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૩–૧–૧૦ ની અરજીથી ટેના. .૧૯ઈ–૦૩–૫૯૦૫–૦–૦૦૧અને ૦૦૨ ની ફીલ્ડબુકની નકલ તથા એસેસમેન્ટ રજીસ્ટરની નકલની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૮૨૪ તા.૨–૨–૧૦ થી આપેલ માહિતી પત્રમાં " માંગેલ ફીલડબુકની નકલ કતારગામઝોન કચેરીએથી આપવામાં આવતી નથી તેમજ એસેસમેન્ટ રજીસ્ટરની નકલ નિયમ નમુનાનું ફોર્મ ભરી જરૂરી ફી ભર્યેથી આપવામાં આવશે ." તેવી માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે તા.૨૪–૨–૧૦ ના રોજ માહિતી આપવાની ના પાડે છે તથા માહિતી બાબતે નિયમ–૩ (૨) મુજબ દસ્તાવેજ ફી ભરવા અંગેનો પત્ર કે કોઈ માહિતી પૂરી પાડેલ નથી. તેવું જણાવી માહિતીની વિગતો પૂરી પાડવા અપીલ કરેલ છે. અરજદારે અપીલમાં કરેલી રજૂઆત જોતાં જાહેર માહિતી અધિકારીએ માહિતી મેળવવાની કચેરી નિયમ અને પ્રણાલિકા મુજબની કાર્યવાહીની માહિતી પૂરી પાડેલ છે. જયારે ફિલ્ડબુકની નકલ આપવામાં આવતી નથી તેવો પ્રત્યુત્તર પાઠવેલ છે પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨૨ અન્વયે ગોપનીયતા અધિનિયમ–૧૯૨૩ કે વખતોવખત અમલી બીજા કાયદામાં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં આ કાયદાની અસર અમલી રહેશે તેવી જોગવાઈ છે. જયારે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) તથા નિયમ–૫(૨) હેઠળ દસ્તાવેજની નકલ નિર્ધારિત ફી ભરપાઈ કરીને પૂરી પાડવાની જોગવાઈ છે. તેમજ કાયદાની કલમ–૨(જે) હેઠળ દસ્તાવેજ, દફતરની નકલ મેળવવાનો અધિકાર પ્રાપ્ત કરતી જોગવાઈ છે. જેથી આ કાયદા હેઠળની નિર્ધારિત ફી વસુલ લઈ તે પૂરી પાડવાની રહે.

જાહેર માહિતી અધિકારીએ એસેસમેન્ટની નકલ માટે નિયત ફોર્મ ભરી મેળવી લેવા જણાવતો પ્રત્યુત્તર કાયદાની કલમ–૨(જે) તથા નિયમ–૫ સાથે કલમ–૭(૩) ની જોગવાઈથી સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી દફતરી ઉપલબ્ધ હકીકત અનુસાર આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ,..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ જે. ગામીત,